स्वराज की शाला - शिशुविहार
स्थापना १९३९
२०२१-२०२२
स्वातंत्र्य - अमृत महोत्सव

# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪

સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૨૯ • ૧૫ ઑક્ટોબર ૨૦૨૨ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

## ગાંધી મહેન્દ્ર ચત્રભૂજ ઍજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા મહિલા ઉત્કર્ષ માટે ₹ ૬ લાખની સ્કૉલરશિપનું વિતરણ




**શિશુવિહાર સંસ્થાનાં આદ્ય સ્થાપક સભ્ય શ્રી હીરાબહેન માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં વર્ષ ૨૦૦૦થી પ્રારંભાયેલ મહિલા સશકિતકરણ અંતર્ગત 'નઈ તાલીમ'ની શાળાઓમાં અભ્યાસ કરતી ધોરણ ૧૦ અને ૧૨ની ૨૦૦ બહેનોને ૨૧ સપ્ટેમ્બરે સરસ્વતી વિદ્યામંદિર બાબાપુર (અમરેલી) તથા ૨૨ સપ્ટેમ્બરે વળાવડ કન્યા વિદ્યાલયમાં ₹ ૬ લાખની સ્કોલરશીપનું વિતરણ કરાયું.**

ઘર અને ગામડાંનું પરિસર છોડીને ખાસ ભણતર માટે 'નઈ તાલીમ'ની શાળાઓની હૉસ્ટેલમાં રહીને ભણતી તેજસ્વી બહેનો ધોરણ ૧૦ અને ૧૨નાં વર્ષમાં આર્થિક કારણોસર અભ્યાસ ન છોડે તેવા શુભ આશયથી વર્ષ ૨૦૦૦થી પ્રારંભાયેલ સેવા થકી ૩૫૩૬ બહેનોને ₹ ૩૭,૧૪,૨૭૭/- લાખની સહાય પહોંચાડવામાં છે. અભ્યાસ સાથે બહેનો ઔદ્યોગિક તાલીમ સાથે કેળવાય તે માટે ૧૫૪ જરૂરિયાતમંદ બહેનોને ₹ ૧૮,૮૪,૪૨૮/- લાખની સાધન પહોંચાડવામાં આવી છે.

શ્રી માનભાઈ ભટ્ટ
સ્થાપક : શિશુવિહાર

તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઇ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લૉટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧
Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com
Facebook: Shishuvihar Bhavnagar Phone: (0278)2512850

બહેનો શિક્ષિત બને અને સ્વ-રોજગારથી આત્મસન્માની બને તે દિશાનાં છેલ્લાં ૨૨ વર્ષના પ્રયત્નો થકી ભાવનગરની સેવા સંસ્થા શિશુવિહારથી સ્ત્રીસશક્તિરણ માટે રૂ.૫૬ લાખની કુલ સહાય નોંધનીય બને છે.

ગાંધી મહેન્દ્ર ચત્રભૂજ ઍજ્યુકેશનલ ટ્રસ્ટનાં સહયોગથી ભાવનગર ગ્રામ વિસ્તારની દીકરીઓ માટેની દીર્ઘકાલીન સેવા માટે સંસ્થા શ્રી ગૌરાંગભાઈ અને ભદ્રેશભાઈ ગાંધીનો આભાર માને છે.





સરસ્વતી વિદ્યામંદિર બાબાપુરના અધ્યક્ષ શ્રી મંદાકિનીબહેન પૂરોહિતની પ્રેરક ઉપસ્થિતિમાં નઈ તાલીમની શાળા બેલા, થોરડી, બગસરા અને બાબાપુરની ૮૦ વિદ્યાર્થિનીઓને પ્રત્યેકને સ્કૂલ બૅગ તથા ₹ ૨૫૦૦/-ની શૈક્ષણિક સહાયનું વિતરણ






વળાવડ કન્યા વિદ્યાલયનાં અધ્યક્ષ શ્રી મેહુલભાઈ લવતુકાની પ્રેરક ઉપસ્થિતિમાં 'નઈ તાલીમ'ની શાળા મણાર, આંબલા, માઈધાર, વાળુકડ, લોકભારતી તથા વળાવડની ૧૨૦ વિદ્યાર્થિનીઓને પ્રત્યેકને સ્કૂલ બૅગ તથા ₹ ૨૫૦૦/-ની શૈક્ષણિક સહાયનું વિતરણ

શિશુવિહારથી સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી હીનાબહેન ભટ્ટ, શ્રી મીનાબહેન મકવાણા તથા શ્રી અનિલભાઈ બોરીચા દ્વારા કરવામાં આવ્યું હતું.

# શિશુવિહાર સંસ્થાની મહિલા સશક્તિકરણ વિચાર અંતર્ગત વર્ષ ૨૦૦૦ થી ૨૦૨૨ દરમિયાન બહેનોને એનાયત થયેલ સહાય રકમ

| વર્ષ | ધોરણ | સંખ્યા | સહાય | વર્ષ | ધોરણ | સંખ્યા | સહાય |
|---|---|---|---|---|---|---|---|
| 2000 | 10 | 18 | 3618 | 2014 | 10 | 66 | 136290 |
| 2001 | 10 | 24 | 8400 | | 12 | 79 | 163135 |
| 2002 | 10 | 24 | 8400 | | કોલેજ | 15 | 30960 |
| 2003 | 10 | 24 | 8400 | 2015 | 10 | 231 | 175560 |
| 2004 | 10 | 24 | 8400 | | 12 | 120 | 91200 |
| 2005 | 10 | 24 | 8400 | | કોલેજ | 66 | 50160 |
| 2006 | 10 | 24 | 8400 | 2016 | 10 | 248 | 191208 |
| 2007 | 10 | 24 | 8400 | | 12 | 117 | 90207 |
| 2008 | 10 | 19 | 7200 | | કોલેજ | 50 | 38550 |
| | 12 | 21 | 8400 | 2017 | 10 | 248 | 167400 |
| 2009 | 10 | 18 | 7200 | | 12 | 282 | 190350 |
| | 12 | 21 | 8400 | | કોલેજ | 50 | 33750 |
| 2010 | 10 | 12 | 24000 | 2018 | 10 | 331 | 159542 |
| | 12 | 18 | 36000 | | 12 | 389 | 189832 |
| | કોલેજ | 18 | 36000 | | કોલેજ | 100 | 48200 |
| 2011 | 10 | 12 | 24000 | 2019 | 10 | 135 | 162675 |
| | 12 | 18 | 36000 | | 12 | 110 | 132550 |
| | કોલેજ | 12 | 24000 | | કોલેજ | 62 | 74710 |
| 2012 | 10 | 14 | 30436 | 2021 | 10 | 50 | 150000 |
| | 12 | 20 | 43480 | (નઈ તાલીમ) | 12 | 50 | 150000 |
| | કોલેજ | 12 | 26088 | 2022 | 10 | 50 | 150000 |
| 2013 | 10 | 59 | 49619 | (નઈ તાલીમ) | 12 | 50 | 150000 |
| | 12 | 62 | 52142 | 2022 | 10 | 50 | 250000 |
| | કોલેજ | 15 | 12615 | (નઈ તાલીમ) | 12 | 50 | 250000 |

- વર્ષ ૨૦૦૦-૨૦૨૨ દરમિયાન ધોરણ ૧૦ની ૧૭૨૯ વિદ્યાર્થિનીઓને મળેલ શિક્ષણ સહાયની રકમ રૂ.૧૭,૪૭,૫૪૮/-
- ધોરણ ૧૨ની ૧૪૦૭ વિદ્યાર્થિનીઓને મળેલ શિક્ષણ સહાયની રકમ રૂ.૧૫,૯૧,૬૯૬/-
- સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતી ૪૦૦ વિદ્યાર્થિનીઓને મળેલ શિક્ષણ સહાયની રકમ રૂ.૩,૭૫,૦૩૩/-
- જરૂરિયાતમંદ ૧૫૪ શ્રમિક બહેનોને મળેલ રોજગારલક્ષી સાધન સહાયની રકમ રૂ.૧૮,૮૪,૪૨૮/-
- ૨૨ વર્ષ દરમિયાન કુલ લાભાર્થી મહિલાઓને મળેલ ૩૬૯૦ અને તેની સહાય રકમ ૫૫,૯૮,૭૦૫/-

# ગીર અભ્યારણ્યની સ્વચ્છતા માટે
# ૧૫૦૦૦ કાપડની થેલીનું વિતરણ



સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગિરનારની લીલી પરિક્રમા સમયે શિશુવિહાર તરફથી ૧૫૦૦૦ કાપડની થેલી આપવામાં આવી છે.

ગીર જંગલમાં વન સંરક્ષણ અને વન્ય પ્રાણીઓના સ્વાસ્થ્ય માટે કાર્યરત wildlife conservation trust તથા સૌરાષ્ટ્રના જાણીતા અખબાર 'ફૂલછાબ'ના સહયોગથી આ વર્ષે ગિરનારની લીલી પરિક્રમામાં શ્રદ્ધાળુઓ યાત્રા દરમિયાનની ભોજન સામગ્રી પ્લાસ્ટિક બેગમાં સાથે ન લઈ જાય તેની કાળજી લેતા તમામ યાત્રિકોને ભાવનગરથી શ્રમિક બહેનોએ તૈયાર કરેલ ૧૬ ઈંચ × ૧૪ ઈંચની કાપડની થેલી ભેટ આપવામાં આવશે. આ પ્રસંગે ૩૦ સપ્ટેમ્બરે સંસ્થા પરિસરમાં પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે, ફૂલછાબનાં પ્રતિનિધિ શ્રી બકુલભાઈ ચાતુર્વેદી,સંસ્થાના મંત્રી શ્રી ડૉ. નાનકભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં રાજકોટ 'wildlife conservation trust'નાં શ્રી શીતલબહેનને થેલીઓ આપવામાં આવી.

મુંબઈ સ્થિત શ્રી શારદાબહેન ધીરજલાલ દેસાઈ પરિવારના વિશેષ સહયોગથી શિશુવિહારમાં જનહિતાર્થે કાપડમાંથી તૈયાર થયેલ ૭૫,૦૦૦ થેલીઓમાંથી આ સહાય ગીર ફોરેસ્ટની સ્વચ્છતા માટે સીમાચિહ્ન બને છે.

સવિશેષ શિશુવિહાર દ્વારા શ્રમિક બહેનોને અત્યાર સુધીમાં એક થેલી સીવવાની રૂ.૪/- લેખે કુલ રૂ.૬ લાખની રોજગારી પણ આપવામાં આવી છે. ભાવનગરની સ્વૈચ્છિક સંસ્થા તરીકે શિશુવિહારની પર્યાવરણ સેવા પ્રેરણાદાયી બની છે.

## શિશુવિહારના ઉપક્રમે ફિઝિયોથેરાપી કેમ્પ






શહેરની સહજાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફીઝિયોથેરાપી તથા શિશુવિહાર સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ૧૦ સપ્ટેમ્બરે હાડકાં અને મસલ્સના દુખાવો ધરાવતા પેશન્ટ માટે કેમ્પ યોજાયો. સહજાનંદ કોલેજનાં નિષ્ણાત ડૉક્ટર ધારિણીબહેન ઠક્કરનાં કન્સલ્ટેશન હેઠળ તમામ દર્દીઓને સારવારને લગતું માર્ગદર્શન આપવામાં આવ્યું.

શેઠ પરિવાર(મુંબઈ)ના સહકારથી છેલ્લા ૫ વર્ષથી ચાલતા અને પ્રતિ વર્ષ ૭૦૦૦ને દર્દીઓની સેવા આપતા ફીઝિયોથેરાપી-ફીટનેસ સેન્ટરના ઉપક્રમે દર્દી સારવાર કેમ્પનો ૭૫થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

## સાંપ્રદાયિક સૌહાર્દ અને નવરાત્રી ઉત્સવ-૨૦૨૨



આદ્યશક્તિ મા અંબાનાં સાનિધ્યમાં આસો સુદ એકમ તારીખ ૨૬ સપ્ટેમ્બરથી સંસ્થાના ક્રીડાંગણ તેમજ શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરનાં તાલીમાર્થી વિદ્યાર્થીઓ અને તેમના પરિવાર માટે રાત્રે ૯ થી ૧૧ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ. નવલા નવરાત્રી દરમિયાન તાલીમાર્થીઓ તથા વાલીઓ માટે આરતી સુશોભન, ફેન્સી ડ્રેસમાં

 

ગરબાના કાર્યક્રમો યોજી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. નવરાત્રી પર્વનાં અંતે તમામને સંસ્થા તરફથી લ્હાણીમાં સ્ટીલના વાસણો આપવામાં આવેલ. સાંપ્રદાયિક સૌહાર્દના સ્વીકાર તરીકે શિશુવિહારમાં યોજાતા નવરાત્રી પ્રસંગે ઉત્તમ દેખાવ કરનાર સ્કાઉટ તાલીમાર્થીઓને તથા વાલીઓને સંસ્થાના મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટ, શ્રી ભાવનાબહેન જાગૃતભાઈ ભટ્ટ, શ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી હીનાબહેનની ઉપસ્થિતિમાં પ્રોત્સાહિત કરવામાં આવેલ.

નવલા નવરાત્ર પ્રસંગે રાસ ગરબા પૂર્ણ થતા શિશુવિહાર તરફથી નિયમિત રીતે ખેલૈયાઓને પોષક નાસ્તો આપવામાં આવેલ. નોરતાનાં આયોજક અને સંસ્થાનાં નિવાસી કાર્યકરશ્રી કમલેશભાઈ વેગડ,શ્રી રાજુભાઈ મકવાણા, શ્રી પંકજભાઈ ચૌહાણ, શ્રી અનિલભાઈ બોરીચા, અજયભાઈ વાઘેલા તેમજ અનિલભાઈ જોશીનું વિશિષ્ટ પુરસ્કારથી અભિવાદન કરવામાં આવ્યું.

## નવલા નવરાત્ર પ્રસંગે પુરસ્કૃત ખેલૈયાઓ

• ૪૬ નિયમિત વિદ્યાર્થીઓને લ્હાણી

•**આરતી સુશોભન:** તારીખ ૨૯: **તાલીમાર્થી:-** કરણ, મિતેશ, નકુલ **વાલી:** ગીતાબહેન રાઠોડ, નિશાબહેન બારૈયા

• **ફેન્સી ડ્રેસ:** તારીખ ૧: **તાલીમાર્થી:-** અભિષેક, વૈભવ, યશ **વાલી:** કવિતાબહેન જેઠવા, શીતલબહેન ઢાપા

• **વિશેષ અભિવાદન:** શોભાબહેન અને વિજયભાઈ ડાભી, રીનાબહેન પરમાર, ભાવનાબહેન ભટ્ટ (નિર્ણાયક)

• **વ્યવસ્થાપક પુરસ્કાર:** પાર્થ, ચંદ્રેશ, ચિરાગ, જયપાલ

## વિશેષ આભાર

• નવલા નવરાત્રી દરમિયાન ખેલૈયાઓને નિયમિત રીતે પોષક નાસ્તો આપનાર સર્વ શ્રી ડૉ. દેવીન્દ્રાબહેન શાહ, જ્યોતિબહેન ભટ્ટ, ભાવનાબહેન ભટ્ટ, દીપકભાઈ જોગી, જીગરભાઈ જોગી, સંજયભાઈ જોગી, વિજયભાઈ શાહ, અનિમેષભાઈ ભટ્ટ તમામ દાતાઓનો સંસ્થા આભાર માને છે.

# શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• શિક્ષકો પોતાનાં નિજી વર્તન સુધારથી વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ કરે તે આશયથી પ્રારંભાયેલ 'આનંદાલય' ભાવનગર વિચાર વર્તુળનાં ઉપક્રમે ૪ નવેમ્બરે શિશુવિહાર પરિસરમાં એક બેઠક મળેલ. જેમાં સંસ્થાના મંત્રી શ્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે ૩૦ શિક્ષણ કર્મીઓને શિશુવિહારની અવૈધિક તાલીમથી અવગત કર્યા હતા. તેમાં સંસ્થા પરિચય સાહિત્ય અને અલ્પાહાર પણ યોજવામાં આવેલ.



• સૌરાષ્ટ્રની નવી પેઢીને પરંપરાગત રીતે મળેલ રાસ-ગરબા વિરાસતની જાળવણી માટે ભાવગનરના જાણીતા કલાકાર શ્રી જગદીશભાઈ પંડ્યા રચિત 'ગરબા-રાસ પૂરાણ' પુસ્તકનાં વિમોચનનો કાર્યક્રમ ૪ સપ્ટેમ્બરે સંસ્થાના વાનાણી (એ.સી.) હૉલમાં યોજાયો. લોકગાયક શ્રી અભેસિંહ રાઠોડ સુપ્રસિદ્ધ કવિ ડૉ. વિનોદભાઈ જોષી, તુષાર શુક્લ તેમજ રાજ્યના પૂર્વ ગૃહમંત્રી શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ સમારોહમાં ૩૦૦થી વધુ કલા સ્નેહીઓએ ઉપસ્થિત રહી સ્વ. શ્રી ભારતીબહેન પંડ્યાને સ્મરણાંજલિ




• શ્રી રાજુભાઈ એમ. ચુડાસમાના સંયોજનથી 'સૂરમયી મ્યૂઝિકલ ગ્રુપ' દ્વારા જૂનાં-નવાં હિન્દી ફિલ્મોના ગીતોની પ્રસ્તુતી થઈ. ૨૫૦થી વધુ શ્રોતાઓની પ્રેરક હાજરીમાં યોજાયેલ સંગીત સંધ્યા શ્રોતાઓ માટે રસ-સભર રહી હતી.



• શિશુવિહારના સેવા અને રચનાત્મક કાર્યક્રમોની સામાજિક ગુંથણી વિચારને લઈ એક પરિસંવાદ કે. આર. દોશી કૉલેજ ઑફ સોશ્યલ વર્કના ઉપક્રમે યોજાયો. ૫ સપ્ટેમ્બરે કૉલેજ પરિસરમાં સમાજકાર્યના ૭૦થી વધુ વિદ્યાર્થીઓને સંસ્થામાં મંત્રી ડૉ. નાનકભાઈએ શિશુવિહારના ઐતિહાસિક સંદર્ભની વાત કરી હતી તથા સમાજકાર્યનાં પ્રત્યક્ષ નિરીક્ષણ માટે શિશુવિહાર પધારવા નિમંત્રણ પાઠવ્યું હતું.




• મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ભાવનગરના સમાજશાસ્ત્ર વિભાગનાં અનુસ્નાતક વિદ્યાર્થીઓ સાથે એક માર્ગદર્શન પરિસંવાદ તારીખ ૬ સપ્ટેમ્બરે યુનિવર્સિટીના ભવનમાં યોજાયો. આ પ્રસંગે ઉપસ્થિત ૯૦થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોને સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે સામાજિક પ્રશ્નો અને તેના સંભવિત ઉકેલ માટે શિશુવિહારની ભૂમિકાથી થતા કાર્યોથી અવગત કરવામાં આવેલ. આ પ્રસંગે ભવનનાં અધ્યક્ષ ડૉ. ચાવડા સાહેબે સ્વાગત કરતા ભાવનગરના વિકાસમાં શિશુવિહારના પ્રદાન અંગે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.



• લોકભારતી અધ્યાપન મંદિર સણોસરાના પ્રથમ વર્ષના ૧૨૦ વિદ્યાર્થીઓ તારીખ ૭થી ૯ સપ્ટેમ્બરે શિશુવિહાર બાલમંદિરની મુલાકાતે પધાર્યા હતા. આ પ્રસંગે તેઓને શિશુવિહારનાં બાળ આરોગ્ય, જાગૃત વાલી તથા અનુભવ તાલીમ વિષયે ડૉ. છાયાબહેન પારેખ, શ્રી પ્રીતિબહેન ભટ્ટ તથા ડૉ. નાનકભાઈ ભટ્ટે વાતો કરી હતી.

• લાઈફ ઈન્યોરન્સ કોર્પોરેશનની ૬૬મા વર્ષની ઉજવણી પ્રસંગે ભાવનગર શાખાના અધિકારીઓ દ્વારા સંગીત સંધ્યા સંસ્થા રંગમંચ ઉપર પ્રસ્તુત થઈ. ૭ સપ્ટેમ્બરે યોજાયેલ રંગારંગ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ પરિવારજનોએ સંગીત સંધ્યા અને સહભોજનનો આનંદ લીધો હતો.



• ભાવેણા ગ્રુપનો સંગીત કાર્યક્રમ ‘ગાતા રહે મેરા દિલ’ તારીખ ૧૧ સપ્ટેમ્બરે રંગમંચ પ્રસ્તુતી પામ્યો. જૂનાં-નવાં ફિલ્મી ગીતોનાં ૮૦મા ટ્રેક શૉનું નિદર્શન શ્રી કિરીટભાઈ પ્રજાપતિ દ્વારા થયુ, જેને માણવા માટે ૨૦૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.



• યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી તેમજ જિલ્લા રમત ગમત કચેરી ભાવનગરનાં ઉપક્રમે શિશુવિહાર સંસ્થા પરિસરમાં તા.૧૩થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન ભાવનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારનાં કલાકારો માટે કલા મહાકુંભનું આયોજન થયું. આ કાર્યક્રમોમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચસ્તરીય તેમ ત્રણ વિભાગમાં ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પોતાની કલાને પ્રદર્શિત કરી શકે અને રાજ્ય સ્તરે પહોંચી શકે તે માટેના આયોજન પ્રસંગે અભિનય, સમૂહગીત, કાવ્યલેખન, નિબંધ લેખન, લોકગીત, ભજન પ્રકારે વિવિધ ૧૩ ઈવેન્ટ યોજાઈ. જેનું સમગ્ર સંચાલન જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી હિતેશભાઈ મેસવાણિયાએ કર્યુ હતું. તારીખ ૧૩ થી ૧૬ દરમિયાન શિશુવિહાર ભાવનગરના આંગણે યોજાયેલ કલાકાર કુંભમેળામાં ઉપસ્થિત શહેર અને ગ્રામ વિસ્તારના કુલ ૫૦૦૦ વિદ્યાર્થીઓને શિશુવિહાર પરિસરની પ્રવૃત્તિઓ ઉપરાંત ‘બાળ આરોગ્ય સૂત્ર’ નામે રસોડામાં વપરાતા ઓસડિયાઓ દ્વારા તંદુરસ્ત રહેવા માર્ગદર્શન આપતી પુસ્તિકા ભેટ આપવામાં આવી.



• ગ્રોફેડ સંસ્થાનાં પૂર્વ કર્મચારીઓનું સ્નેહમિલન તારીખ ૧૮એ સંસ્થા પરિસરના વાનાણી હૉલમાં મળ્યું હતુ.શ્રી રશ્મિકાંતભાઈ સાકરવાડિયાના સંયોજન તળે રાજયભરમાંથી ઉપસ્થિત ૪૦થી વધુ પ્રતિનિધિઓએ ફરી ડિસેમ્બરમાં એકત્ર થવા અને સન્માન કાર્યક્રમ યોજવા ઠરાવેલ. ભોજન બાદ સંપન્ન થયેલ કાર્યક્રમમાં મહાનુભાવોને શિશુવિહાર સંસ્થાનું સાહિત્ય આપવામાં આવેલ.




• LIC અમદાવાદ હેડ ઑફિસના સહાયક વહીવટી અધિકારી શ્રી સંજયભાઈ શાહ તથા ભાવનગર શાખાના અધિકારીશ્રીઓ શિશુવિહાર સંસ્થામાં કાર્યાન્વિત સોલાર પાવર જનરેશન પેનલનાં નિરીક્ષણ માટે પધાર્યા હતા. તારીખ ૨૦ નવેમ્બરે સંસ્થા મુલાકાતે આવેલ અધિકારીશ્રીઓએ સંસ્થાની પ્રવૃત્તિ માટે પ્રસન્નતા વ્યકત કરી હતી.



• જરૂરિયાતમંદ શ્રમિકોને સ્વ-રોજગાર સાધન સહાય તરીકે તારીખ ૨૫ સપ્ટેમ્બરે સાઈકલ વિતરણ કરવામાં આવેલ. શ્રી પ્રમોદભાઈ વોરાના અથાગ પ્રયત્નથી સતત ૯૨ માસથી યોજાતા કાર્યક્રમમાં ૩૦થી વધુ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. શિશુવિહાર પરિસરમાં યોજાતા કાર્યક્રમમાં શ્રી તેજસભાઈ શેઠ, શ્રી ઈલાબહેન અને જીતેન્દ્રભાઈ વળિયાએ ઉપસ્થિત રહ્યા હતા.



• નટરાજ કલા સંસ્થા દ્વારા ૧૩૬મો સંગીત કાર્યક્રમ સંસ્થા રંગમંચ ઉપર યોજાયો. માસના ચોથા રવિવારે જૂનાં-નવાં હિન્દી ફિલ્મ ગીતોનું સંકલન ‘દિલને ફિર યાદ કિયા’નું નિદર્શન શ્રી કેતનભાઈ આવસત્થીએ કર્યુ હતું. જેને માણવા ૪૫૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.

## CSR અંર્તગત
## વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી
# પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સારવાર-આપત્તિ નિવારણ તાલીમ

| શિબિર ક્રમાંક | સપ્ટેમ્બર તારીખ | શાળાનું નામ | તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૨૧૩ (૧૪) | ૦૭ | શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા | ૨૨૦ |
| ૨૧૪ (૧૫) | ૦૭ | શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા | ૨૮૦ |
| ૨૧૫ (૧૬) | ૧૧ | શ્રી રાજપુરા પ્રાથમિક શાળા | ૦૮૦ |
| ૨૧૬ (૧૭) | ૧૭ | શ્રી રેનેસા હાયર સેકન્ડરી હાઈસ્કૂલ | ૦૮૦ |
| ૨૧૭ (૧૮) | ૨૦ | શ્રી આર્યકૂળ વિદ્યા સંકુલ | ૩૦૦ |
| ૨૧૨ (૧૯) | ૨૧ | શ્રી સરસ્વતી વિદ્યા મંદિર | ૧૦૦ |
| ૨૧૩ (૨૦) | ૨૪ | શ્રી કે.આર. દોશી હાઈસ્કૂલ | ૦૭૫ |
| | | કુલ | ૧૧૩૫ |




સંચાલક: શ્રી હરેશભાઈ ભટ્ટ

## CSR અંર્તગત
## વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી
## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત
# પ્રાથમિક શાળાઓમાં સ્વાસ્થ્ય શિબિર

| શિબિર ક્રમાંક | સપ્ટેમ્બર તારીખ | શાળા નંબર અને વિસ્તાર | આંખ તપાસ | હીમોગ્લોબિન તપાસ | સ્વાસ્થ્ય તપાસ |
|---|---|---|---|---|---|
| ૬ | ૦૨ | ૧૨- વાલ્કેટ ગેટ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૭ | ૦૯ | ૨૫- એ.વી. સ્કૂલ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૮ | ૧૨ | ૧૦- આનંદવિહાર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૯ | ૧૪ | ૧૯- દીપક ચોક | ૪૦ | ૪૦ | ૪૦ |
| | | (કુલ ૪૮૦) | ૧૬૦ | ૧૬૦ | ૧૬૦ |








સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

# કાંઠા વિસ્તારનાં ગામડાંઓ માટે આરોગ્ય શિબિર



ભાવનગરનાં ખાડી વિસ્તારનાં અત્યંત પછાત ગામડાંઓમાં ગ્રામજનોનાં આરોગ્યની કાળજી લેતી નિરમા ઈન્ડસ્ટ્રિઝના સહયોગથી સપ્ટેમ્બર માસમાં (ગામ) કાળા તળાવ અને નર્મદમાં આરોગ્ય શિબિર યોજાયેલ, જેમાં ૪૯૫ દર્દીઓને નિદાન તેમજ જરૂરી દવા અને સારવાર આપવામાં આવી.

ભાવનગરનાં ઘોઘા વિસ્તારનાં ૮ ગામડાંઓ પૈકી(ગામ) અકવાડા,




માલણકા તથા ઘોઘામાં શિશુવિહારની આરોગ્ય ટીમ દ્વારા ૩૬૦ વિદ્યાર્થીઓની આંખ તપાસ તથા આરોગ્ય તપાસ યોજાઈ. એગ્રોસેલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડના સહયોગથી યોજાતા શિબિર દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મળતી તબીબી સારવા નોંધનીય બને છે.

સપ્ટેમ્બર માસમાં યોજાયેલ કુલ ૬ શિબિરોના યજમાન ગામોની પ્રાથમિક શાળાઓમાં શિશુવિહાર સંસ્થાનાં બાળ પુસ્તકાલય અંતર્ગત ૧૦૦ પુસ્તકોનો સંપુટ તમામ આચાર્યશ્રીઓને ભેટ સ્વરૂપે આપવામાં આવેલ.



ભાવનગર જિલ્લાનાં ગામડાંઓના સ્વાસ્થ્યની કાળજી માટે વાઘ-બકરી ફાઉન્ડેશન દ્વારા મળેલ મેડિકલ વેનનાં વિશેષ સહયોગથી યોજાતા આરોગ્ય શિબિરોમાં ડૉક્ટરશ્રી અરવિંદભાઈ ત્રિવેદી, ટેકનિશયન શ્રી રેખાબહેન, અંકિતાબહેન ભટ્ટ તેમજ કાર્યક્રમનું સંકલન કરતા શ્રી રાજુભાઈ મકવાણા તથા શ્રી હીનાબહેન ભટ્ટની સેવા નોંધનીય રહી હતી.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

## બાળ શિક્ષણ

## શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:



સપ્ટેમ્બર માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સરેરાશ સંખ્યા ૫૫ રહી હતી. માસ દરમિયાન બાળકોને વૈજ્ઞાનિક પ્રયોગ, માટીકામ, ગેરુ વડે ચિત્રકામ, બાળનાટક, રમત સાથે સાંકળવામાં આવ્યા હતા. આ માસમાં વિવિધ ફળનું પ્રદર્શન યોજવામાં આવેલ.



દાતા સર્વ શ્રી જગદીશભાઈ ત્રિવેદી, ઉષાબહેન અરુણભાઈ શેઠ, જ્યોતિબહેન માધવાણી, ચંદનબહેન પટેલ, કમલેશભાઈ મોદી, ડૉ. શિવાનીબહેન, જશુબહેન જાની, શ્રી પ્રફુલભાઈ શાહ, ડૉ. દેવીન્દ્રાબહેન શાહ, ઘનશ્યામભાઈ, શ્રી ફોરમબહેન પરમાર, શ્રી દીપ્તિબહેન પટેલ દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૨૫ દાતાઓ દ્વારા પોષક નાસ્તો આપવામાં આવ્યો.

માસ દરમિયાન ૬ બાળકોનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવેલ.

૭૯મા અનુભવ તાલીમવર્ગ અંતર્ગત પાંચ બહેનોએ શ્રી પ્રીતિબહેન ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ હસ્ત ઉદ્યોગ તાલીમમાં રાખડી, ટાંકાકામ, બટનકામ, બાટિક કામ પ્રકારે તાલીમ મેળવી હતી.



૩૦ સપ્ટેમ્બરે બાલમંદિર વિશેષ પ્રવૃત્તિ અંતર્ગત વાલી માટે આરતી થાળી સુશોભન હરિફાઈ યોજવામાં આવેલ. જેમાં ૨૫ વાલીઓએ ભાગ લીધો હતો.

માસ દરમિયાન શ્રી લોકભારતી સણોસરાથી ૧૪૦ વિદ્યાર્થીઓ બાલમંદિરની શૈક્ષણિક મુલાકાતે આવ્યા હતા, જેમને સંસ્થા તરફથી માર્ગદર્શક સાહિત્ય આપવાાં આવેલ.

સંચાલક: શ્રી ઉષાબહેન રાઠોડ, શ્રી અંકિતાબહેન ભટ્ટ

## આરોગ્ય

# શિશુવિહારનાં આંગણે ૪૫૦મો પ્રભુકૃપા નેત્રયજ્ઞઃ



શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૧૩૬ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે નેત્ર સારવાર મળી. સ્વ. શ્રી ભગીરથભાઈ મૂળશંકરભાઈ શુકલના સૌજન્યથી મંદાકિનીબહેન શુકલ તથા શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિમિટેડનાં સૌજન્યથી ૪૫૦મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તા. ૨૩ સપ્ટેમ્બરે શિશુવિહાર સંસ્થાના પ્રાંગણમાં યોજાઈ ગયો.





આ પ્રસંગે માનવ સેવા એ જ પ્રભુસેવાનાં ઉદ્દેશથી પ્રભુમય કાર્યને પ્રોત્સાહિત કરતા દાતાશ્રી મંદાકિનીબહેન શુકલ તથા શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિમિટેડનાં અધ્યક્ષ માનનીય શ્રી જીતુભાઈ ઉપાધ્યાય તેમજ તમામ બોર્ડ ઑફ ડિરેક્ટર્સનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું.

ગુજરાત અંધત્વ નિયંત્રણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાતા નેત્રયજ્ઞમાં લોકસેવક સ્વ. ગુણવંતભાઈ વડોદરિયાના સુપુત્ર અને દર્દી દેવો ભવની ભાવના સાર્થક કરતા શ્રી સુનિલભાઈ વડોદરિયાએ ઉપસ્થિત રહીને દાતાશ્રીઓનું અભિવાદન કર્યુ હતુ. આ પ્રસંગે ૧૩૬ દર્દીઓની આંખ તપાસ ડૉ. શ્રુતિબહેન ચૌધરીની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દર્દીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો

અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૨૬ દરદીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

'દરદી દેવો ભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## વયસ્કો માટે ૩૩૨મી દૃષ્ટિચકાસણી શિબિર:




સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી શિશુવિહાર ફિઝિયોથેરાપી સેન્ટરમાં ક્રમાક ૩૩૨ અન્વયે ૩ રવિવાર દરમિયાન ૧૦૯ વયસ્કોને આંખ તપાસ બાદ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## ફિઝિયોથેરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાઓની સારવાર આપવામાં આવે છે. ડૉ. ધારિણીબહેન ઠક્કર તથા ડૉ. જાહ્નવીબહેનનાં કન્સલ્ટેશન હેઠળ સપ્ટેમ્બર માસમાં ૩૭૦ દરદીઓએ સારવાર લીધી હતી, તેમ જ ફિટનેસ સેન્ટરમાં ૭ બહેનો તથા ૧૧ ભાઈઓ આવ્યા હતા.

સંચાલક: શ્રી નીશા બારૈયા

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:



ઑગસ્ટ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપૅથીની સારવારનો લાભ ૨૭૮૩ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દરદીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## જીવન શિક્ષણ તાલીમ::

ભાવનગરના સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરના પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીના ૨૨ બાળકો માટે અ-વૈધિક તાલીમ આપવામાં આવે છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ નામની સંસ્થા થકી આ સેવાભાવી યુવકો એકલવાયું જીવન વ્યતિત કરતાં વડીલોને રાશનકીટ પહોંચાડી રહ્યાં છે.

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:



બાળકો તેનાં શારીરિક વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ આપવામાં આવે છે.સપ્ટેમ્બર માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૪૮ તથા ૧૪૯માં પ્લાસ્ટિકની બોટલમાંથી ડ્રિપ બોટલ અને દોરીમાંથી પગલુછણિયું બનાવવાની તાલીમ આપવામાં આવી. જેમાં ૮૫ સ્કાઉટે ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## સંગીત વર્ગ:

સપ્ટેમ્બર માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં એક તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક:શ્રી દેવુભાઈ મહેતા

# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ

સપ્ટેમ્બર માસમાં સાંજના ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન ક્રીડાંગણમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૫ રહી હતી. માસ દરમિયાન ચલો દિલ્હી, પાસિંગ બોલ, બેઠી રમતો પ્રકારે સામુહિક રમતો રમાડવામાં આવી હતી.

સાંજની પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના ધૂન, સમૂહગીત, હર્ષનાદો કર્યા હતા. તેમજ ખુશ, ચિરાગ, મિતેષનો જન્મદિવસ ઉજવવામાં આવેલ. સંસ્થાનાં કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ અને અનિલભાઈ બોરીચાનો જન્મદિવસ પ્રસાદ-સ્મૃતિ ભેટ સાથે ઉજવાયો હતો.



માસ દરમિયાન શ્રી દિલીપભાઈ ટી. જોશી, ડૉ. દેવીન્દ્રાબહેન શાહ તેમજ શ્રી સહજભાઈ જોશી તરફથી બાળકોને પોષક આહાર આપવામાં આવ્યો.



ગુજરાતના આંગણે ૩૬મો રાષ્ટ્રીય રમતોત્સવ યોજાઈ ગયો. ભાવનગર યુનિવર્સિટીના પ્રાંગણમાં તારીખ ૨૨ અને ૨૩ સપ્ટેમ્બરે યોજાયેલ સ્પોર્ટ્સ કાર્નિવલમાં શિશુવિહાર ક્રીડાંગણના તાલીમાર્થીઓએ ભારતીય રમતોનું નિદર્શન કર્યું હતું. પરંપરાગત પગ ઘોડી, ભૂખ્યા પક્ષી, નારગેલ પ્રકારની રમતો પ્રેક્ષકોનું આકર્ષણ બન્યું હતું.

શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલયના ઉપક્રમે ૨૪ સપ્ટેમ્બરે 'ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી' વિષય ઉપર નિબંધ અને ચિત્ર સ્પર્ધા

યોજઈ. જેમાં ધોરણ ૬ થી ૮ના ૪૫ વિદ્યાર્થીઓ ચિત્ર સ્પર્ધા અને ધોરણ ૯ થી ૧૨ના નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઉત્તમ દેખાવ કરનાર ૩-૩ વિદ્યાર્થીઓને પુરસ્કૃત આપવામાં આવ્યા. ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ પોતાનું શતાબ્દી વર્ષ ઉજવી રહ્યું છે, ત્યારે રાજ્ય પુરસ્કારની તૈયારી કરતા શિશુવિહારના ૯ સ્કાઉટે કુકિંગ ટેસ્ટમાં ભાગ લીધો હતો. સાથોસાથ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્કાઉટ બોરતળાવ સ્થળે સાફ-સફાઈ કાર્યક્રમમાં પણ જોડાયા હતા.

આદ્યશક્તિ મા અંબાનાં સાનિધ્યમાં તારીખ ૨૬ થી ૨ ઑક્ટોબર દરમિયાન ક્રીડાંગણના તાલીમાર્થી વિદ્યાર્થીઓ અને તેમનાં પરિવાર માટે ૯ થી ૧૧ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. નવલા નવરાત્રી દરમિયાન તાલીમાર્થીઓ તથા વાલીઓ માટે આરતી સુશોભન, ફેન્સી ડ્રેસ પ્રકારના કાર્યક્રમો યોજી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. નવરાત્રીપર્વનાં અંતે તમામ ખેલૈયાઓને લ્હાણીથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ

## મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:

સપ્ટેમ્બર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૬ રહી હતી. ૩૦ સપ્ટેમ્બરે તાલીમાર્થી બહેનોને યુટયુબ ઉપર ડિઝાઈનર કુર્તી તથા વેસ્ટ કાપડમાંથી કુશન કવર બનાવવાની તાલીમ આપવામાં આવી.




સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

### કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ:

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક કોર્સમાં અનુભવ વર્ગની પાંચ બહેનો શિક્ષણ મેળવી રહ્યાં છે.

સંચાલક :શ્રી પંકજ ચૌહાણ

### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. સપ્ટેમ્બર માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

- શ્રી ઈન્દાબહેન ભટ્ટ

# સ્વ-રોજગાર સહાય



## સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૮ શ્રમિક બહેનો દ્વારા સપ્ટેમ્બર માસમાં ૧૦૮૪ કાપડની થેલી તૈયાર થતાં રૂ.૪૩૩૬/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૭૯,૦૮૭ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે. **શ્રી હસમુખભાઈ ગાલા (ઝુમ એન્ટરપ્રાઈઝ, મુંબઈ) તરફથી કાપડની ગાંસડી મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.**

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ



## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. સપ્ટેમ્બર માસ દરમિયાન ૧૦ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ



## તાલીમઃ

પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદીના માર્ગદર્શનમાં શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૪ સપ્ટેમ્બર યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમ જ ઑક્ટોબર માસના સંસ્થાગત કાર્યો અંગે સંવાહકો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ



## માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૧૫ થી ૩૧ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. સપ્ટેમ્બર માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૭૩ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક: શ્રી અનિલભાઈ જોશી



## આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ એન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૯૮૦ નાગરિકોએ લીધેલો.

- સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા



## બાલદેવ વન:

સપ્ટેમ્બર માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા એક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત ‘નૉલેજ પાર્ક’માં ૩૨૭ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. સપ્ટેમ્બર માસ દરમિયાન આંગણવાડી કેન્દ્ર નં.૬૯/૧ના ૪૫, કિડ્સ વર્ડના ૧૧૨, શ્રીમતી એ.આર. સુતરિયા નર્સરી સ્કૂલના ૬૨, ગુજરાત મહિલા સેવા સંઘના ૪૫, ઝકરિયા સ્કૂલના ૬૩ તેમ ૩૨૭ બાળકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી‘બાળ આરોગ્ય સૂત્ર’પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

# સંસ્કાર સાહિત્ય પ્રકાશન



## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

સપ્ટેમ્બર માસમાં ૧૫ વાચક સભ્યોએ ૩૫ પુસ્તકો વાચ્યાં હતાં.

**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

સમીક્ષા (અનિરુદ્ધસિંહ તથા ભીખુભા ગોહિલ), આજનું ચિંતજ, લાલ આગિયા, વાલી સંવાદ ૫૦ પુસ્તક, બાળકો પ્રત્યે મા-બાપની ફરજ (૫૦ પુસ્તક) અન્ય ૧૦૮ પુસ્તક, લાગણીનો દસ્તાવેજ (સુરેશભાઈ ભટ્ટ), માર્ગ તૈયાર છે આપણે તૈયાર ખરા? (શ્રી નટવરભાઈ કામળિયા), ઈશ્વર તરફ પ્રયાણ (શ્રી મૂકેશભાઈ પંડયા)

સંચાલક: શ્રી પ્રીતિબહેન ભટ્ટ



## બુધસભા:

૧૯૮૦થી અવિરતપણે ચાલતી બુધસભાની ૨૧૯૯મી બેઠક તારીખ ૭ સપ્ટેમ્બરે યોજાયેલ. શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીનાં સંચાલનમાં ૨૫ કવિ-કવયિત્રીઓએ સ્વરચના પઠન કરેલ માસમાં બીજા બુધવારે શ્રી હર્ષાબહેન ચૌહાણ તથા ત્રીજા બુધવારે શ્રી નેહાબહેન પુરોહિતનાં સંકલન તળે બુધસભાના વરિષ્ઠ કવિ શ્રી પ્રવીણભાઈ પોંદાના ૭૫ વર્ષે પ્રકાશિત ૭૫ કાવ્ય રચના ‘પ્રણય પંથ’ રૂપે પ્રગટ થયું. ભાવનગર નાગરિક બેંકના અધ્યક્ષ શ્રી જીતુભાઈ ઉપાધ્યાય તથા કવિ શ્રી વિનોદભાઈ જોષીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ સમારોહમાં ૫૦ શુભેચ્છકોએ પ્રેરક ઉપસ્થિતિ દાખવી હતી. કાર્યક્રમનું સંચાલન કવિ શ્રી દાન વાઘેલાએ કર્યુ હતું. માસની અંતિમ ૨૨૦૨મી બેઠક કવિ શ્રી જયેશભાઈના સંકલન સાથે મળી. સપ્ટેમ્બર માસની ચારે બેઠકોમાં ૮૨થી વધુ સાહિત્ય પ્રેક્ષકોનો ઉપસ્થિતિ પ્રોત્સાહક રહી હતી.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી



## • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાય •

## સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 50,000.00 | શ્રી દુર્ગેશભાઈ મહેતા | નાગરિક સન્માન |
| 25,000.00 | શ્રી જયદેવ દીપકભાઈ ઉનડકટ | પ્રકાશન સહાય |
| 20,000.00 | શ્રી હસુમતી દિનકરભાઈ વી. ભટ્ટ | નેત્રયજ્ઞ |
| 20,000.00 | શ્રી હસમુખભાઈ શાહ | નેત્રયજ્ઞ |
| 20,000.00 | શ્રી ઊર્મિલાબહેન અશ્વિનકુમાર ભટ્ટ | નેત્રયજ્ઞ |
| 15,000.00 | શ્રી મધુબહેન એન. મકવાણા | પોષક આહાર |
| 11,000.00 | શ્રી ભરતભાઈ ઉનડકટ | મહિલા સશક્તિકરણ |
| 11,000.00 | સ્વ. જ્યોતિબહેન એમ. ભટ્ટ પરિવાર | પોષક આહાર |
| 10,000.00 | શ્રી દેવીન્દ્રાબહેન શાંતિલાલ શાહ | પોષક આહાર |
| 7,500.00 | શ્રી ભાવનાબહેન જાગ્રતભાઈ ભટ્ટ | પોષક આહાર |
| 5,000.00 | સ્વ. સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 5,000.00 | શ્રી માલવભાઈ શાહ | પોષક આહાર |
| 5,000.00 | શ્રી દેવાંગભાઈ શાહ | પોષક આહાર |
| 5,000.00 | શ્રી નીશિથભાઈ મહેતા | આરોગ્ય |
| 5,000.00 | શ્રી અનિમેષભાઈ ભટ્ટ | પોષક આહાર |
| 3,000.00 | શ્રી નિરવભાઈ શાહ | મેડિકલ સહાય |

## શ્રદ્ધાંજલિ

### સ્વ. વસુબહેન પટેલ



શિશિશુવિહાર સંસ્થાનાં પૂર્વ વિદ્યાર્થી અને સંસ્થા રંગમંચની નૃત્ય ટુકડીમાં હર હંમેશ અગ્રેસર શ્રી વસુબહેન હસમુખરાય પટેલ ટૂંકી માંદગી બાદ સંસ્થા પરિવારને છોડી ગયા છે. ઈશ્વર સદ્ગતના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના.

## શુભેચ્છકો લખે છે

**• મહંતશ્રી નારાયણદાસ સાહેબ (કબીર આશ્રમ, સાવરકુંડલા)**

તારીખ ૧૪ ઑગસ્ટે માનવરત્ન પુસ્તકનાં પ્રકાશન સમયે 'શિશુવિહાર'નો ઉલ્લેખ થયો. આવા કપરાકાળમાં પણ 'શિશુવિહાર'થી માનવસેવાનો યજ્ઞ લોક નિષ્ઠામાં આહુતિ આપે છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ સેવા શિક્ષણનાં યાત્રીઓમાં ડૉ. નાનકભાઈના જીવન કવનનો ઉલ્લેખ પ્રેરણાદાઈ છે. આશીર્વાદ.

**• શ્રી જ્યોતિભાઈ ત્રિવેદી (પૂના)**

'શિશુવિહાર'ની પ્રવૃત્તિઓ જોઈને અચંબો થાય કે તમે કેવી રીતે આટલું બધું કરી શકો છો. તમે નક્કી ખૂબ જ સરસ ટીમ બનાવી છે જે નિ:સ્વાર્થ ભાવે આટલા બધા પ્રસંગોનું આયોજન કરી રહ્યા છો. મારા તરફથી આ ટીમને અભિનંદન.

**• શ્રી સુધીરભાઈ રાજ્યગુરુ (પૂના)**

કેટલાક વર્ષો પહેલાં ભાવનગર રહેવાનું બનેલ, પરંતુ નવચેતનમાં 'શિશુવિહાર'ની રંગમંચ પ્રવૃત્તિ વાચી આનંદ થયો. ગોહિલવાડના રજવાડાંઓની સંસ્કાર ભૂમિ તરીકે શિશુવિહાર આજે પણ સક્રીય છે. તે માટે આનંદ અને મારી શુભેચ્છા.

**• ડૉ. ગોવિંદસિંહ નિનામા (આદિવાસી શાળા, અરવલ્લી)**

ભારત સરકારની નવી શૈક્ષણિક નીતિમાં દાખલ કરેલ કૌશલ્ય તાલીમ 'શિશુવિહાર' ૮૩ વર્ષથી યોજે છે તે જાણી સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે વધુ માહિતી જાણવા ઉત્સુકતા છે. સંસ્થા સાહિત્યથી અવગત કરાવવા વિનંતી.

**• શ્રી આર.વી. સોલંકી (આચાર્ય પી.એમ. સર્વોદય સ્કૂલ, ઉમરાળા)**

૧૫ સપ્ટેમ્બરે 'શિશુવિહાર' સંસ્થા પુસ્તકાલયની મુલાકાતે આવવાનું થયું. ખરેખર અહીંના પુસ્તકો, વ્યવસ્થા અને વાંચકો માટેની વ્યવસ્થા જ સુંદર છે અને પુસ્તકાલય સંચાલક શ્રી પ્રીતિબહેન ભટ્ટ વાંચકોને સંસ્થા માહિતીથી સૌમ્ય સ્વભાવથી વાકેફ કરે છે. જેથી વાંચવા આવનારને શિશુવિહાર પ્રત્યે આદર ભાવ જન્મે છે અને પુસ્તકો તથા લાયબ્રેરીનાં જુદા જુદા વિભાગોથી વાકેફ થયા જે એક સુંદર અનુભવ રહ્યો.

**• સ્વામીશ્રી વિષ્ણુ સ્વરૂપાનંદજી (સહજાનંદ કૉલેજ, ભાવનગર)**

'શિશુવિહાર' સંસ્થા દ્વારા ઘણાં બધાં સેવાના પ્રકલ્પો થઈ રહ્યા છે અને આપશ્રી એ જન સેવા એ જ પ્રભુ સેવાના મંત્રને સાર્થક કરી બતાવ્યો છે. પ્રભુ આપને સેવા કાર્ય કરવાનું બળ આપે તેવી શુભેચ્છાઓ સાથે જય શ્રી સ્વામિનારાયણ.

**• શ્રી ઉમેશભાઈ પંડયા (ઈન્દોર)**

'શિશુવિહાર'ના ઉમદા કાર્યો સાથે જોડાયેલ નેતૃત્વ અને સહકાર્યકરોનાં તાલમેલને વંદન. સામાજિક હિત માટેની તમારી કાળજી પ્રેરણાદાઈ છે.

**• શ્રી અશ્વિનભાઈ ભટ્ટ (અમદાવાદ)**

ભાવનગરના શ્રી મુનિભાઈ, વિદ્યુતભાઈ, અનિલભાઈ કાણે તેમ અમે બધા મિત્રો છીએ અને 'શિશુવિહાર'ની ભૂમિ સાથે નાતો ધરાવીએ છીએ. આપના સદ્‌કાર્યને અભિનંદન તથા મારા સ્વ. માતુશ્રીની સ્મૃતિમાં ડિસેમ્બર ૨૦૨૩માં નેત્રયજ્ઞ યોજવા માટે અનુદાન સ્વીકારવા વિનંતી છે. આભાર.

**• શ્રી પૂર્ણિમાબહેન સોની (બેંગ્લોર)**

ભાવનગરમાં યોજાતા સદકાર્ય માટે અભિનંદન. આ સાથે બાળકોના પોષક આહાર માટેનું અનુદાન સ્વીકારવા વિનંતી.

**• ડૉ. દેવીન્દ્રાબહેન શાહ (અમદાવાદ)**

નાદુરસ્ત તબિયતના કારણે 'શિશુવિહાર'ના નિમંત્રણો સ્વીકારતા નથી, પરંતુ સતત મન બાળકોમાં રહે છે. આ સાથેની સહાયની રકમ જાગૃત વાલીઓ માટે યોજાતા કાર્યક્રમમાં ઉપયોગમાં લેશો. સંસ્થાનાં સહુ કાર્યકરોને મારા સ્નેહ સ્મરણ.

**• શ્રી અશોકભાઈ ભટ્ટ (વડોદરા)**

'શિશુવિહાર'ના દરેક કાર્ય માટે મારી જેવા સામાન્ય વ્યક્તિ પાસે શબ્દો જ નથી. રાષ્ટ્રીય કક્ષાએ ભાવનગરનું નામ ઉજ્જવળ કરેલ છે. અભિનંદન.

**• શ્રી કિશોરભાઈ મહેતા (સી.એ., મુંબઈ)**

આ માટે હું એમ કહીશ કે આદરણીય પૂજ્ય માનભાઈએ રોપેલા સંસ્કાર આજે વટવૃક્ષની કક્ષા ધારણ કરીને સમાજની ઉત્તમ સેવા કરી રહ્યા છે. અમે તો પૂજ્ય માનભાઈના હાથ નીચે ઉછરેલા. આથી અમારા માટે તો આવી ઉત્તમ સમાજ સેવા આવકાર્ય અને બિરદવવા લાયક જ હોય. પરમાત્માને પ્રાર્થના કે આપણું શિશુવિહાર અનંત કાળ સુધી આવા સત્કાર્યોમાં વ્યસ્ત રહે.

**• શ્રી આચાર્ય લોકભારતી અધ્યાપન મંદિર (સણોસરા)**

લોકભારતી અધ્યાપન મંદિરના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ ઈન્ટર્નશીપ અન્વયે 'શિશુવિહાર' બાલમંદિરની મુલાકાતે આવેલ. આ ત્રણ દિવસ દરમિયાન આપના બાલમંદિરમાંથી તાલીમાર્થીઓએ પૂર્વ પ્રાથમિકમાં કઈ રીતે શીખવવું, બાલ શિક્ષણના સિદ્ધાંતો, તેમ રોજિંદા

પ્રાર્થના કાર્યક્રમોમાંથી પ્રત્યક્ષ અનુભવો મેળવ્યા જે તેઓને જીવનમાં ખૂબ ઉપયોગી બન્યા છે.

- **શ્રી ઈશ્વરભાઈ પરમાર (સાહિત્યકાર, ગુજરાત)**

'શિશુવિહાર'નો સપ્ટેમ્બર ૨૦૨૨નો અંકમાં 'શિશુવિહાર'ની અનેકવિધ પ્રવૃત્તિઓ વાંચીને આનંદ થયો છે. કવિ સંમેલન, બુધસભા તેમજ અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સૌને ધન્યવાદ. સાહિત્ય અકાદમી તરફથી યોજાયેલ કવિ સંમેલનની વિગતો જાણી. ઉપરાંત સ્વાતંત્ર્ય દિને આયોજિત ધ્વજવંદન વિશે પણ જાણ્યું. સંસ્થાનો હાર્દિક ધન્યવાદ.

- **શ્રી રણછોડભાઈ શાહ (અધ્યક્ષ એમિટી, ભરૂચ)**

'શિશુવિહાર' સળંગ અંકઃ ૯૨૮ મળ્યો. આપની તમામ પ્રવૃત્તિઓનું સાતત્ય અભિનંદનીય અને અનુકરણીય છે. અનેક સ્થળોએ બુધસભા જેવી પ્રવૃત્તિઓ શરૂ થયા બાદ શિશુવિહારની જેમ લાંબા સમય સુધી ચાલતી નથી. તેથી વિવિધ પ્રવૃત્તિઓના સંચાલકોને ધન્યવાદ સહ અભિનંદન પાઠવું છું. જે તે પ્રવૃત્તિ માટે અધિકૃત વ્યકિતને બોલાવવાની જવાબદારી નિભાવનાર કાર્યકર્તા વર્તમાન સમયમાં આપને પ્રાપ્ત થયા છે. તેનો રાજીપો વ્યકત કરું છું. આપની શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓની વિવિધતા પણ પ્રેરણા પૂરી પાડે તેમ છે.

- **શ્રી સરોજ રાણા (એમિટી, ભરૂચ)**

'શિશુવિહાર' સંસ્થાની ગતિવિધીને ઉજાગર કરતું સપ્ટેમ્બર માસનું સામયિક 'શિશુવિહાર' વાંચ્યું. પ્રવૃત્તિનો ગુલદસ્તો જાણે સુગંધ ફેલાવી રહ્યો. આ સામયિક એમિટી શાળામાં નિયમિતપણે મોકલવા બદલ સંસ્થાપકોનો આભાર. સ્વાતંત્ર્યપર્વની ઉજવણીનાં ધમધમતા રંગમંચ પરથી વિવિધ ભાતીગળ નૃત્યોની છબી જોતાં કાર્યક્રમની સફળતાનો કયાસ કાઢી શકાય છે. સાહિત્ય અકાદમીનું પશ્ચિમ પ્રાદેશિક કવિસંમેલનમાં માતૃભાષાની સાથે અન્ય પ્રાદેશિક ભાષાનાં કાવ્યપઠનનો કાર્યક્રમ ખરેખર પ્રશંસનીય પ્રવૃત્તિ છે. ડૉ. રઈશ મનિઆરનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાવ્યશિબિર દ્વારા નવોદિત ગઝલકારોને છંદોબ્ધ રચના વિશે માહિતી પીરસી જે કાબિલે તારીફ છે. આવા ઉત્તમ ગઝલકારનાં માર્ગદર્શન હેઠળ ગઝલ, અછંદાસ કાવ્ય માટે વિદ્યાર્થી તૈયાર થયા એ વાતે સોનામાં સુંગધ ભળી. ભાવનગરની પ્રથમ રંગભૂમિ ઉપર પ્રસ્તુત થતા કાર્યક્રમોને નિહાળવા, માણવા આવેલ સર્વે પ્રેક્ષકજનોને શિશુવિહાર તરફથી કાપડની થેલીમાં સાહિત્ય આપી પર્યાવરણની જાળવણીનો બોધપાઠ પાઠવ્યો છે.

પ્રવૃત્તિઓ સંસ્થાની રસથાળની જેમ મહેકે છે. આવી નીતનવીન પ્રયોગવીર સંસ્થાની સોડમ ચારો તરફ પ્રસરી રહે એ જ શુભકામના.

**• શ્રી કુસુમબહેન દવે (યુ.એસ.એ)**

રોજ નવા-સમાજ ઉપયોગી કામોનાં સમાચાર અને ફોટાઓ જોઈને લાગે છે કે આવું કામ બીજે ભાગ્યે જ જોવા મળતું હશે. કદાચ જ્યાં જોવા મળે ત્યાં સ્વાર્થ પણ ભરપૂર હોય છે અને એટલું જ 'શિશુવિહાર'નું કામ અને કદર અભિનંદનને પાત્ર છે.



## સ્વરાજ્યની શાળા શિશુવિહાર

### વર્ષ ૧૯૯૦માં પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ) ભાગ-૧




### માર્ચ

**• ઉપકાર કેમ ભૂલાય?**: ભાવનગરમાં માણેકવાડી શિશુવિહાર સર્કલમાં પ્લોટ નંબર ૫૩૧માં 'માણેકવીલા' મકાનમાં તેના માલિક સ્વ. રવિશંકર અંબાશંકર ભટ્ટ રહે. મકાન જૂનું, જર્જરિત અને જૂનવાણી થઈ ગયું એટલે વેચ્યા વિના છૂટકો નહોતો. આ મકાનમાં જુગતરામ મ. વ્યાસ ભાડુત. તેને મકાન ખાલી કરવા કહ્યું પણ જાય ક્યા? મકાન માલિકે રૂ. ૧૦,૦૦૦ની સહાય કરી. જુગતરામભાઈ રબર ફેક્ટરીમાં મકાન બાંધ્યુ.

આ બાજુ જુગતરામભાઈના પત્નિ સ્વર્ગવાસી થયા. સાવ એકલે પંડે રહ્યા એટલે બહારગામ નજીકના કુટુંબીઓ સાથે જતાં રહ્યાં. ભાવનગરનુ મકાન વેચી નાખ્યું. સારી-વ્યાજબી કિંમત મળી. પણ પૈસા આવ્યા એટલે સૌ પ્રથમ એ વિચાર આવ્યો કે માણેકવીલાના મારા મકાન માલિકે જો મને મદદ ન કરી હોત તો હું ક્યા રહેત? મારું શું થાત ? એટલે પહેલા તો રૂ. ૧૦,૦૦૦ની જે રકમ તેણે મને આપી હતી તે તેમને નામે સ્વ. રવિશંકર અંબાશંકર ભટ્ટની સ્મૃતિમાં શિશુવિહારની 'બાલવન' યોજનામાં આપી આવું. તેઓએ શિશુવિહારને આ રકમ ભેટ આપવા ઉપરાંત બીજા રૂ. ૧૦,૦૦૦ ની રકમ તેમના પત્નિ સ્વ. તારાબેન જુગતરામ વ્યાસના નામે પણ 'બાલવન' માટે શિશુવિહારને સ્વેચ્છાથી ભેટ આપી છે.

**• અચલ બાલ-સેવક**: બાલ શિક્ષણના ભેખાધારી પૂજ્ય શ્રી લાલચંદ કાકાની

ચેતના પરમ ચેતના સાથે એકાકાર થઈ ગઈ તે સાથે ગુજરાતના બાલ શિક્ષણ ક્ષેત્રે ન પૂરાય તેવી ખોટ પડી.

પૂજ્ય લાલચંદકાકા બાલ સેવક હતા. બાલસેવા એમની જીવન સાધના હતી. જિંદગીના સાઠ વર્ષ તેમણે એકધારી બાલોપાસના કરી. તેઓ કહેતા કે બીજા દેવોની આરાધના કરવા કરતા બાલદેવની આરાધના એ જ શ્રેષ્ટ સાધના છે. એટલે એમણે ન કોઈ પંથ પકડ્યો કે, ન કોઈ યોગ સાધના કરી, ન કોઈ મંત્ર જાપ કર્યા. જિંદગીના બધાં વર્ષો બાલદેવની સેવામાં જ ગાળ્યાં. બાળકો એમના દેવ, બાલ પ્રેમ એમની ભક્તિ, બાળકોને ચાહો એ એમનો જીવનમંત્ર અને બાલમંદિર એમનુ તીર્થધામ. તેમણે બાળકોનો જેવો મહિમા ગાયો તેવો અન્ય કોઈનો ગાયો નથી.

• **બાલમંદિરનો પ્રવાસ:** ગુરૂવાર તારીખ ૨૨-૨-૯૦ ના રોજ ગુલાબ (અ) તથા (બ)ના બાળકોને શિહોર તથા ખોડિયારના પ્રવાસે લઈ ગયા હતા. પ્રવાસ માટે શિહોર જવા-આવવાનુ બસ ભાડું પૂછાવતા રૂ. એક હરની માંગણી થઈ. આ સાંભળી ઘડીભર તો ઠંડા થઈ જવાયું. પરંતુ અવાણિયાના મોર્ડન સોલ્ટ વર્કસના શેઠશ્રી વિક્રમભાઈને વિનંતી કરતાં તેઓએ રાજીખુશીથી પોતાની મોટી બસ બાળકોના પ્રવાસ માટે આપેલ.

• **નવા પ્રકાશનનો આભાર સ્વીકાર: શ્રમિક સૂર:** વડોદરાના શ્રમિક વિકાસ સંસ્થાને પ્રગટ કરેલ શ્રમજીવીઓના ગીતોનો આ સંગ્રહ સાહિત્યની દુનિયામાં એક અનોખી ભાત પડે છે. શિશુવિહારનાં શ્રમિકોનાં પ્રગટ થયેલ કાવ્યનો સંગ્રહ ત્રિપુટી કાવ્ય ગાનના ગીતો પણ તેમાં સમાવિષ્ટ છે. સંગ્રહની પ્રસ્તાવનામાં શ્રી સનત મહેતા લખે છે: 'શ્રમિકોના ગીતોમાં એક પ્રકારની સંવેદના ઘૂટાતી હોય છે ગરીબના ગીતો સાહિત્યની દષ્ટિએ ગરીબ નથી હોતા.' તેઓના વિધાનને આ સંગ્રહના બધા ગીતો ૧૦૧ ટકા સાચું પાડે છે. સંપાદક : જયેદ્ર શેખડીવાલા.

## માર્ચ

• **દિવ્ય જીવન:પૂ. સ્વામી એકરસાનંદજીનો જ્ઞાનયજ્ઞ**

તા. ૨૧ થી ૩૦સુધી ૭-૦૦ થી ૮-૦૦ કઠોપનિષદ્ અને દરરોજ રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ તત્ત્વબોધ ઉપર પૂજ્ય સ્વામીજીના વ્યાખ્યા યોજવામાં આવ્યા. જેનો અનેક સાધકોએ લાભ લીધો હતો.

## એપ્રિલ

• **સાચો શિક્ષક:** સૌ પ્રથમ ઘર અને શાળાઓમાંથી શિક્ષાને, મારપીટને નાબૂદ કરવી ઈએ. પાશવી શારારીક શિક્ષાજ નહીં પણ દરેક જાતનું દમન બંધ થઈ જવું ઈએ. એનાથી તો વિદ્યાર્થી સ્વમાની અને સશક્ત બનવાને

બદલે દંભી અને નિર્માલ્ય બને છે. પ્રથમતો શિક્ષકે પોતે જ એના જીવનમાં આ આદર્શને આત્મસાત્ કરવો. આનુ પરિણામ એ આવશે કે શિક્ષકનાં પ્રમ અને પ્રોત્સાહન દ્વારા વિદ્યાર્થી એના પ્રતિ આકર્ષાશે, એનુ અનુકરણ કરવામાં આનંદ માનશે. નિર્દોશ બાળકો ઉંચા આદર્શને જલ્દીથી ઝીલે છે. આ દષ્ટિએ શિક્ષકના વર્તનની અસર ઘણી ઉંડી થાય છે. શિક્ષક તેના આચારથી, પ્રેમથી અને દષ્ટાંતથી પ્રભાવ પાડે શકે છે જે ભય અને મારથી આ કદી શક્ય બનતું નથી. શિક્ષક અને શિષ્ય બેઉમાં એકજ દૈવી જીવન રહેલું છે. એ દૈવી તત્ત્વ માટે ધારે તો સર્વ કંઈ શક્ય છે.

મે

• **રકતદાન-ચક્ષુકદાન-દેહદાનઃ** શિશુવિહારમાં ઘણાં વર્ષોથી સેન્ટ જહોન એમ્બ્યુલન્સ દ્વારા પ્રાથમિક સારવારના વર્ગો ચાલે છે. આ વર્ગના તાલીમાર્થી, બોટાદના રહીશ શ્રી કાંતિલાલ મોહનલાલ પરમારે સર તખ્તસિંહજી સીવીલ હોસ્પીટલમાં એક દરદીને રકતદાનની જરૂર પડતા તાત્કાલિક પોતાનું ૩૦૦ સી.સી. લોહી આપેલ છે. પ્રાથમિક સારવારની તાલીમને શોભાવનાર અને સાર્થક કરનાર આ યુવાનને અભિનંદન.

• **ચક્ષુદાન :** માર્ચ ૧૯૯૦માં શિશુવિહારને સાત પુણ્યાત્માઓના ચક્ષુદાન મળ્યા છે. પરોપકારી આત્માઓનું પ્રભુ કલ્યાણ કરે તેવી પ્રાર્થના છે. મૃત્યુબાદ ચક્ષુદાન કરી કોઈ અંધજનને દષ્ટિ આપી જનારા આ દાતાઓના નામ તથા ઉંમર નીચે મુજબ છે:

• **બાલમંદિરની વાતોઃ** વસમી વિદાય : છેલ્લાં બે ત્રણ વરસથી બાલમંદિરમાં આવતા ૧૦૦ થી વધારે બાળકોને પાંચ વરસ પૂરા થતાં હોઈ નવા શૈક્ષણિક વરસ, જૂન ૧૯૯૦થી વિદાય આપવી પડશે. બાલમંદિરને આંગણે રમતા, કૂદતા, ગાતા, નાચતા, ભણતા, ગણતા, આ બાળકોએ અમને પોતાના હૃદયનો પારાવાર નિર્દોષ પ્યાર આપ્યો છે. તેમની વિદાય અમને ખરેખર વસમી પડશે. વિદાય લેતા બધા બાળકોને તેના ઉજ્વળ ભાવિમાટે હાર્દિક શુભેચ્છાઓ સાથે અંતરના આશીર્વાદ.

• **શિશુવિહાર પત્રિકાની માહિતી :** (૧) પ્રકાશન સ્થળ : શિશુવિહાર, ભાવનગર ૩૬૪૦૦૧ (૨) પ્રસિદ્ધિનો ગાળો : માસિક (દર અંગ્રેજી માસની ૨૦ મી તારીખ. (૩) મુદ્રકનુ નામ રાષ્ટ્રિયતા અને સરનામું : શ્રીનાથજી પ્રિન્ટર્સ, ભારતીય, સંચિત નિવાસ સામે, રૂવાપરી રોડ, ભાવનગર.(૪-૫) તંત્રી અને પ્રકાશક : પ્રેમશંકર ન. ભટ્ટ C/o. શિશુવિહાર, ભાવનગર-૩૬૪૦૦૧(૬)માસિકનું નામ અને સરનામું. : ઉપર મુજબ.

મે

• **હાથ પગની સેવ):** વાણીથી જે સેવા થાય છે તે સાચી નથી. તે તો વાણીનો વિલાસ છે. વાણી પીરસવાનું કામ કરે છે. 'ખરી સેવા તો હાથ-પગ કરે છે'. તે મૂંગા છે, બોલી શકતા નથીં. મૂંગા મૂંગા તે કરી ણે છે, વાણી દગાખોર હોય છે. તેને ફરી જતાં જરીએ વાર નથી લાગતી. એટલા સારુ વાણી કરતાં હાથ-પગની સેવા વધુ ભરોસા પાત્ર અને કિંમતી છે. અને આથી જ શિશુવિહારના સેવકો કર્મમાં માને છે.

• **રકતદાન:** શિશુવિહાર રકતદાન મંડળના સભ્યો સર તખ્તસિંહજી હોસ્પિટલમાં જરૂર પડે ત્યારે તાત્કાલિક જઈને રકતદાન આપે છે. આ મોટાદવાખાનામાં દરરોજ રકતદાનની તો જરૂર પડે જ. પરંતુ હવે રકતદાનનો સારી રીતે પ્રચાર થતાં દરદીનાં સગાં કે સ્નેહીજનો લોહી આપતા થયા છે. લોકોને ખાત્રી થઈ ગઈ છે કે લોહી આપવાથી કશું નુકસાન નથી. દરદીની સારવારમાં લોહી આપવાની ખોટી ભડક ભાવનગર શહેર પૂરતી તો ભાંગી છે. તેથી કોઈ કોઈ મહિને સ્વેચ્છિક રકતદાનની જરૂર નથી પડતી એપ્રિલ મહિનામાં પણ રકતદાનની જરૂર નથી પડી.

ભાવનગરમાં રકતદાનની પુણ્ય પ્રવૃત્તિ શરૂ થઈ ત્યારથી શિશુવિહાર રકતદાન મંડળે સર તખ્તસિંહજી હોસ્પિટલના સેવા ભાવી કર્મચારીઓના સહકારથી રકતદાનની વ્યવસ્થિત ઝુંબેશ ચલાવી છે. શિશુવિહારના પ્રયાસથી રકતદાન માટે દવાખાનામાં અલગ મકાન તથા જરૂરી સાધનો પણ વસાવી આપેલ છે, પરંતુ હવે હોસ્પિટલમાં જ રહીને રાહતના અનેક વિધ કામો કરતી ભાવનગર સદ્‌વિચાર સેવા સમિતિ દ્વારા ણીતા દાનવીર ઘોઘાના શ્રી ચીનુભાઈ શાહ તરફથી સંપૂર્ણ આધુનિક કોમ્પ્યુટરાઈઝડ બ્લડ ઓટો ટેસ્ટીંગ મશીન મુકવામાં આવેલ છે. તેને માટે ખાસ વાતાનુકુલ રૂમ તૈયાર કરવામાં આવ્યો છે.આ બ્લડ ટેસ્ટીંગ મશીનમાં એકી સાથે ૧૮ જેટલા જુદા જુદા ટેસ્ટ લઈ શકાય છે. આ ઝડપી મશીનમાં સેકડોં ટેસ્ટ લેવાની સુવિધા છે. બ્લડટેસ્ટિંગના આ કિંમતી સાધનને કારણે બ્લડ ટેસ્ટિંગની તથા રકતદાનની પ્રવૃતિને સારો વેગ મળશે. સદ્‌વિચાર સમિતિ તથા દાનવીર શેઠ શ્રી ચિનુભાઈ શાહને ધન્યવાદ. શ્રી ર. વિ. ગોસળિયા તથા શ્રી ત્રંબકલાલ મ. વડોદરિયાની સહાયથી રકતદાન અંગે એક સચિત્ર પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.

• **શિશુવિહાર બુધસભા:** બુધસભાના ઉપક્રમે એપ્રિલની ૧૧મી તારીખે સાંજના ૭ થી ૯ મુબઈના જાણીતા પ્રાધ્યાપિકા પ્રિતીબેન રવિશંકર ભટ્ટનો સુગમ સંગીતનો જલસો રાખેલ. આ સંગીત સંધ્યા માણવા ઘણી મોટી

સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં. બુધસભાના સક્રિય શુભેચ્છક શ્રીમતી જ્યોતિબહેન કપિલભાઈ પંડ્યાના સૌજન્યથી સુંદર કાર્યક્રમ યોજાયો.આ પ્રસંગે અતિથિ વિશેષ શ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદી હતા.

**ગણિત હરિફાઈઃ** ધોરણ ૫-૬-૭ના ભાઈ-બહેનોની ગણિત હરિફાઈ યોજવામાં આવી. તેમા ૫૫૦ જણે ભાગ લીધો. રતનપુર ભાલની શાળાના ૧૦૦ વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો. દરેક શ્રેણીમાં પહેલા ત્રણને ઈનામ તથા દરેકને પ્રમાણપત્ર આપેલ છે. સ્પર્ધાનું સંચાલન શ્રી ઈન્દાબેને કર્યું હતું.

• **કલા કેન્દ્ર** : શ્રી ભરતભાઈ પંડ્યા સંચાલિત ર. વિ. ગોસળિયા કલા કેન્દ્રમાં દર શનિ-રવિ ચાર માસનો ચિત્રકામ હોબી વર્ગ રાખેલ. નાનાં મોટાં ૨૬ ઉત્સાહી ભાઈ બહેનોએ રસ પૂર્વક ચિત્રકામ કર્યુ. વર્ગની પૂર્ણાહુતિ પ્રસંગે પ્રમાણપત્ર વિતરણ ણિતા કવિ-ચિત્રકાર શ્રી રાજુભાઈ પારેખના શુભ હસ્તે થયું. મૌલિક કલા સર્જન માટે તેમણે વિદ્યાર્થીઓને ઉત્તમ માર્ગદર્શન આપ્યું.

## નૂતનવર્ષની શુભેચ્છાઓ

**શિશુવિહાર સંસ્થા પરિવારના કાર્યકરો, શુભેચ્છકો, દાતાઓ તથા સંસ્થાની શૈક્ષણિક, સામાજિક, આરોગ્યલક્ષી, સેવાકીય પ્રવૃત્તિઓમાં સહાયભૂત બનતા નાગરિકોને દિવાળીની શુભકામના. નવું વર્ષ આપના માટે સુખદાયી અને યશસ્વી નીવડે તેવી મંગળકામના. ૧૯૩૯માં સ્થપાયેલ શિશુવિહારની વિવિધ પ્રવૃત્તિઓમાં આર્થિક સહકાર આપનાર દાતાશ્રીઓ પ્રત્યે સંસ્થા આભાર વ્યકત કરે છે.**

### સ્નેહાધીન

### શિશુવિહાર સંસ્થાનાં કારોબારી સભ્યો

શ્રી રાજેન્દ્રભાઈ દવે (પ્રમુખ), શ્રી જયંતભાઈ વનાણી (ઉપપ્રમુખ)
ડૉ. નાનકભાઈ ભટ્ટ (મંત્રી), શ્રી ઈન્દાબહેન ભટ્ટ (સહમંત્રી)
શ્રી દીપેશભાઈ શ્રોફ, શ્રી શબનમબહેન કપાસી, શ્રી હરેશભાઈ ભટ્ટ,
ડૉ. એમ.એચ.મહેતા, શ્રી તુલસીભાઈ પટેલ, ડૉ. મનીષભાઈ વકીલ,
શ્રી મનીષભાઈ દેસાઈ

## નિમંત્રણ

શિશુવિહાર સંસ્થાનું ૮૩મા સ્થાપના વર્ષ તથા નૂતનવર્ષ પ્રસંગે પરિવાર સ્નેહમિલન તા.૨૬ ઑક્ટોબર, બુધવાર (નૂતનવર્ષ) સવારે ૧૦.૩૦એ સંસ્થા પ્રાંગણમાં મળશે. જેમાં પરિવારજનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

# શિશુવિહાર સંસ્થાની સેવા શિક્ષણ પ્રવૃત્તિઓ માટે શુભેચ્છા

EXCEL

## એક્સેલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
## મુંબઈ

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021
બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar**
**Shishuvihar Bhavnagar**
**Shishuvihar**
**Shishuvihar**

**પરામર્શ સમિતિ**
**સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા**

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA